Volume 2, Issue 3
June 2025

# HARIRAJ CHARITABLE TRUST

## NEWS AND UPDATES

૨૬ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૨, ગુજરાત

**વડોદરા અને નર્મદા જિલ્લાના બુજેઠા, લીમપુરા, તલાવપુરા, આંબલિયા, બગલીપુરા, ભાલોદરા, પીપળીયા, ટાંકા, ભાવુપુરા અને વડિયા ગામોમાં આંતરપાક અને સરહદી પાક પ્રદર્શન કાર્યક્રમો ઉત્સાહપૂર્વક અને સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યા હતા.**









**નિદર્શન પ્લોટની મુલાકાત લઈ પીપળીયાના ખેડૂતોની યાદી અપડેટ કરવામાં આવી. તેમજ L.G. લીડરો સાથે મીટિંગ યોજી આગામી તાલીમ અંગે ચર્ચા કરવામાં આવી.ખેડૂત મિત્રો ને એજોટબેક્ટર લિકવિડ ખાતર વિતરણ કર્યુ.**













www.hariraj.org info@hariraj.org

**પ્રોજેક્ટના ગામોમાં પ્રોગ્રામેટીક તાલીમ દરમ્યાન સંસ્થા, પ્રોજેક્ટ અને કોટનકનેક્ટ અંગે માહિતી આપી. ઉપરાંત, જમીન તૈયારી, ઝેરી દવાનો ઘટાડો, અંતર પાક અને બોર્ડર પાકના ફાયદાઓ વિષે ખેડૂતને માર્ગદર્શન આપવામાં આવ્યું.**






**તારીખ ૧૯ અને ૨૦ જુન ના રોજ અમરેલી ઓફીસ મુકામે એગ્રોનોમિક તાલીમ માટે TOT યોજવામાં આવી.**












**રીલ ફાર્મર પૂલ પ્રોગ્રામ હેઠળ, ગામ પસંદગી પ્રક્રિયા, કાર્યક્રમના ખેડૂતોની યાદી અદ્યતન કરવી, સ્ટાફ પસંદગી પ્રક્રિયા, નીડ એસેસમેન્ટ ફોર્મ, માટી અને પાણીના નમૂના એકત્રીકરણ, ડેમો માટે ખેડૂતોની પસંદગી, ગામ મુજબ તાલીમ કાર્યક્રમ, બાયો-ઇનપુટ સેન્ટર માટે ખેડૂતોની પસંદગી, તાલીમકારો માટે તાલીમ જેવી પ્રવૃત્તિઓનું આયોજન મહિના દરમિયાન કરવામાં આવ્યું હતું.**










HARIRAJ
CHARITABLE TRUST

NEWS AND UPDATES

Volume 2, Issue 3

June 2025

## અમરેલી જીલ્લામાં CLA કાર્યક્રમનો પ્રારંભ

આ મહિને અમરેલી જિલ્લાના ચાર ગામોમાં (ભાંકોદર, ભેરાઈ, કોવાયા અને મોટા માચીયાળા) સેન્ટર ફોર લર્નિંગ આસિસ્ટન્સ (CLA) કાર્યક્રમના સફળ અમલીકરણ સાથે બાળકો માટે શૈક્ષણિક સહાય વધારવામાં સંસ્થાએ એક મહત્વપૂર્ણ પગલું ભર્યુ છે. સંસ્થાએ માતાપિતાની સંમતિ પ્રક્રિયા પછી આ કાર્યક્રમમાં ૧૦૦ બાળકોને જોડ્યા છે. સંસ્થાના કાર્યકરોએ (LA) એ બાળકોની વર્તમાન સ્થિતિ અને જરૂરિયાતને સમજવા માટે બેઝલાઈન એસેસમેન્ટ પણ કર્યું. આ પાયાનું કાર્ય આગામી મહિનાઓમાં અસરકારક અને માપી શકાય તેવી પ્રગતિ માટેનો જરૂરી છે.



આ કેન્દ્રોમાં વિશ્વ પર્યાવરણ દિવસ અને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી પણ કરવામાં આવી જેમાં બાળકોએ LAના માર્ગદર્શન હેઠળ ખુશીથી ભાગ લીધો હતો. બાળકોને યોગ શીખવાનો અને તેનો અભ્યાસ કરવાનો આનંદ મળ્યો હતો.



## લેખન સત્ર

આ મહીને કુલ બે લેખન સત્રો યોજાયા જેમાં તા. ૧૦/૦૬/૨૦૨૫ ના રોજ બર્ડની ડીજીટલ માર્કેટિંગ તાલીમ અહેવાલ, માસિક બેઠકના અહેવાલ, માસિક સમીક્ષા અને આયોજન મીટીંગ, વર્કર મોડ્યુલ તાલીમ અહેવાલ, નેચરલ ઈનપુટ સેન્ટરની સફળ વાર્તા તેમજ ૨૪/૬/૨૦૨૫ના રોજ શીખવાની યાત્રા અને જૂથ ચર્ચા, ક્રિએટીવ લેખન સેશન, અને ટીમના સભ્યોએ તેમના વિચારો વ્યક્ત કર્યા હતા.




## વાંચન સત્ર

આ મહીને ચાર વાંચન સત્રો યોજાયા જેમાં તા. ૬ જુન ના રોજ બર્ડ તાલીમ અંગે ચર્ચા, તા. ૧૩ જુનના રોજ આપણું ચારિત્ર્ય અંગે ચર્ચા, તા. ૨૦ જુન ના રોજ લાગણીઓના બેંક એકાઉન્ટ, અને ૨૭ જુન ના રોજ વિચાર, વાણી અને વર્તનની એકસુત્રતા અંગે વાતો કરવામાં આવી.




Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here